## સંક્ષિપ્ત સમાચાર

### સાવલી સોળગામ પટેલ સેવા સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન




સાવલી : વડોદરા જિલ્લાના સાવલી મુવાલ રોડ પર આવેલી શ્રી પટેલ સેવા સમાજ સોળગામ ની વાડી એ તેજસ્વી તારલાઓ નું સન્માન અને નવીન નિર્માણ થનાર કમ્યુનિટીહોલ નું ખાતમહુર્ત ધારાસભ્ય કેતન ઈનામદાર સહિત ના હસ્તે કરાયું આ પ્રસંગે એસપીજી મધ્ય ગુજરાતના પ્રમુખ વીરાંગ પટેલ,મીડિયાસેલ કન્વીનર વિમલભાઈ પટેલ, પટેલ સેવા સમાજના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ઉપપ્રમુખ મહેશભાઈ પટેલ, એપીએમસી ચેરમેન રાજુભાઇ પટેલ નિખિલભાઈ પટેલ સહિત સમસ્ત સોળગામ પટેલ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં નવનિર્માણ થનાર કમ્યુનિટી હૉલ માટે ધારાસભ્ય કેતન ઈનામદાર સહિત ના દાનવીરો નો ઉપપ્રમુખ મહેશભાઈ એ આભાર વ્યક્તકર્યો હતો

### છુછાપૂરા ખાતે ખ્વાજા જલ્દ નવાજ બાવાના ઉર્સની ભવ્ય ઉજવણી કરાઈ



બોડેલી : છોટાઉદેપુર જિલ્લા તથા વડોદરા જિલ્લા માં ખૂબ જ પ્રસિદ્ધ એવી દરગાહ એટલે કે ખ્વાજા જલ્દ નવાજ બાવા ની દરગાહ જ્યાં ખૂબ જ ઉત્સાહ સાથે ઉર્ષ ની ઉજવણી કરવામાં આવી દૂર- દૂરના અલગ અલગ ગામોમાંથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકત્રિત થયા હતા અને ખૂબ જ અકીદત સાથે ઉર્સ માં હાજરી આપી હતી આ દરગાહ માટે અકીદત મંદો દ્વારા એવું જણાવવામાં આવે છે કે અહીંયા માંગેલ દુવાઓ વહેલી તકે કબુલ થાય છે અને શ્રદ્ધાળુઓના કામ ખૂબ જ ઉતાવળથી થતા હોય છે જેથી કરીને આ દરગાહનો આસ્થાનો ઉતાવળા પીર તરીકે પણ પ્રસિદ્ધ છે અહીં હિન્દુ મુસ્લિમ જ્ઞાતિના લોકો આસ્થા પૂર્વક હાજરી આપતા હોય છે અને તેમના દુઃખ પણ દૂર થતા હોય છે

### શિનોરના કુકસ નજીક નર્મદા કેનાલમાં ડૂબી જતાં 16 વર્ષીય કિશોરનું મોત



શિનોર : ભાવનગર જિલ્લાના કુંભારવાડા વિસ્તારમાં રહેતો રાજદીપ દીપકભાઈ ચુડાસમા (ઉં.વ.16) છેલ્લા એક મહિનાથી પરિવાર સાથે શિનોર તાલુકાના સુરાશામળ ગામ પાસે આંબાવાડી રાખી રહેતો હતો. ગતરોજ પરિવાર સાથે કુકસ ગામ નજીક આવેલી આંબાવાડી ખાતે આંબો વેરવા માટે ગયો હતો. આ દરમિયાન રાજદીપ અન્ય એક કિશોર સાથે નજીકમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ન્હાવા માટે ગયો હતો. ન્હાતા સમયે અચાનક પાણીના તેજ પ્રવાહમાં તણાઈ જતા રાજદીપ ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો, સ્થાનિક લોકો તેમજ શિનોર પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ કિશોરને પાણીમાંથી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ 108 એમ્બ્યુલન્સ મારફતે રાજદીપને સારવાર અર્થે મોટા ફોફળીયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

### પાદરાની ગીતાંજલિ વિધાલયમાં જિલ્લા કક્ષાના ACPC સેમિનારનું આયોજન




પાદરા : પાદરાની અગ્રણી શૈક્ષણિક સંસ્થા ગીતાંજલી વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખી પ્રમુખ સ્વામી ટાઉન હોલ, પાદરા ખાતે તા. 23/05/2026 ના રોજ સવારે 11:00 કલાકે ધોરણ-12 સાયન્સ બાદના ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી માર્ગદર્શન માટે ભવ્ય જિલ્લા કક્ષાના ACPC સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ACPC વિભાગ અને ગીતાંજલી વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ સેમિનારમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને ઉચ્ચ શિક્ષણ અંગે વિસ્તૃત અને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનારમાં ખાસ કરીને ધોરણ-12 સાયન્સ પછી ઉપલબ્ધ વિવિધ ડિગ્રી અને ડિપ્લોમા અભ્યાસક્રમો, સરકારી તથા ખાનગી કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા, ACPC દ્વારા ઓનલાઈન એડમિશન કેવી રીતે મેળવવું તેમજ સરકારની વિવિધ સ્કોલરશીપ યોજનાઓનો લાભ કેવી રીતે લેવો તે અંગે નિષ્ણાતો દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

#### છોટાઉદેપુર તાલુકા પંચાયત ચૂંટણી વિવાદ

## ગુમ થયેલા ‘આપ’ના સભ્યો પરત ફર્યા, અપહરણના આક્ષેપો નકાર્યા

‘આપ’ના નેતાઓનો આરોપ હતો કે ત્રણ સભ્યોનું બળજબરીપૂર્વક અપહરણ કરાયુ હતુ

(પ્રતિનિધિ)છોટાઉદેપુર, તા.24

છોટાઉદેપુર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીને લઈને સર્જાયેલું ભારે રાજકીય નાટક આખરે શાંત પડ્યું છે. આમ આદમી પાર્ટી (AAP) દ્વારા પોતાના ત્રણ સભ્યોના અપહરણના કરાયેલા ગંભીર આક્ષેપો વચ્ચે, ગુમ થયેલા ત્રણેય સભ્યો મોડી રાત્રે હેમખેમ ઘરે પરત ફર્યા હતા. આજે સવારે પોલીસ સ્ટેશનમાં હાજર થઈને આ સભ્યોએ પોતાના અપહરણની વાતને સદંતર ફગાવી દીધી છે અને પક્ષ સામેની નારાજગીને કારણે પોતે સ્વેચ્છાએ બહાર ગયા હોવાની કબૂલાત કરી છે.ભારે હોબાળા વચ્ચે યોજાઈ હતી ચૂંટણીગત રોજ છોટાઉદેપુર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી અધિકારી મુસ્કાન ડાંગરની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટી (BJP) ના ૧૩ સભ્યો હાજર રહ્યા હતા. ભાજપના સભ્યોની બહુમતી સાથે પ્રમુખ અને ઉપપ્રમુખના નામોની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી હતી. જોકે, આ સમગ્ર પ્રક્રિયા ભારે હોબાળા અને રાજકીય ખેંચતાણ વચ્ચે સંપન્ન થઈ હતી. ચૂંટણી દરમિયાન આમ આદમી પાર્ટીના આગેવાનોએ વહીવટી તંત્ર અને ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. ‘આપ’ના નેતાઓનો આરોપ હતો કે પોલીસની હાજરીમાં જ તેમના ત્રણ સભ્યોનું બળજબરીપૂર્વક અપહરણ કરવામાં આવ્યું છે. આ આક્ષેપો સાથે લોકશાહીના હનનનો વિરોધ કરીને આમ આદમી પાર્ટીના અન્ય સભ્યોએ ચૂંટણી પ્રક્રિયાનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો અને મતદાન મથક છોડીને બહાર નીકળી ગયા હતો “પક્ષથી નારાજ હતા”આ રાજકીય ગરમાવા વચ્ચે, ગઈકાલે મોડી રાત્રે પોલીસ તંત્ર દ્વારા ગુમ થયેલા ત્રણેય સભ્યોને તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા હતા.

**જાણે તાલુકા પંચાયતનો વિવાદ સમી ગયો**

જોકે ગુમ થયેલા સભ્યોનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં ગુમ થયેલા ત્રણેય સભ્યો, આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ રાધિકા રાઠવા અને આગેવાનો સમક્ષ તેમનું અપહરણ કેવીરીતે થયું અને તેમની સાથે શું શું થયું તેની આપવીતી જણાવી રહ્યા છે. આ બંને વીડિયોમાં થી સાચું કયું છે તેતો ઈશ્વર જ જાણે અને જેમની ઉપર વીતી છે તે જ જાણે. હાલ તો તાલુકા પંચાયત નો વિવાદ સમી ગયો તેમ જણાઈ રહ્યું છે.

#### સામાન્ય બોલાચાલી બની જીવલેણ

## કરજણના અભરા ગામે ખાતર વિવાદે લીધો જીવ: મજૂરની હત્યા



(પ્રતિનિધિ) કરજણ, તા.24

કરજણ તાલુકાના અભરા ગામે ખેતીની મોસમ દરમિયાન બનેલી એક કરુણ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે. ખાતર કાઢવા જેવી સામાન્ય બાબતે બે મજૂરો વચ્ચે થયેલી બોલાચાલી એટલી ઉગ્ર બની ગઈ કે એક મજૂરે જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અભરા ગામે ધર્મેશભાઈ પરમારના ખેતરમાં ગણપતભાઈ રાઠોડીયા અને સુનિલભાઈ રાઠોડીયા નામના બે મજૂરો ખેતી સંબંધિત કામ કરી રહ્યા હતા. ટ્રેક્ટરની ટ્રોલીમાંથી ખાતર ઉતારવાની કામગીરી દરમિયાન બંને વચ્ચે કોઈ મુદ્દે બોલાચાલી શરૂ થઈ હતી. વિવાદ વધતા સુનિલભાઈ રાઠોડીયાએ આવેશમાં આવીને ગણપતભાઈ રાઠોડીયાના માથાના ભાગે પાવડાથી હુમલો કર્યો હતો. ગંભીર ઈજા થતાં ગણપતભાઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી અને ઈજાગ્રસ્ત ગણપતભાઈને સારવાર માટે કરજણની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ કરજણ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે.

#### કાલોલ તાલુકા પંચાયતના હોદ્દેદારો નક્કી

## ભાજપે પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના હોદ્દા માટે મેન્ડેટ જાહેર કર્યો

**નવનિયુક્ત** હોદ્દેદારોને પક્ષના આગેવાનો અને કાર્યકરોએ શુભેચ્છા પાઠવી

(પ્રતિનિધિ) કાલોલ, તા.24

કાલોલ તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પક્ષના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષના નેતા અને દંડકની ચૂંટણી માટે પક્ષ દ્વારા સત્તાવાર મેન્ડેટ જાહેર કરવામાં આવ્યો છે. પક્ષના પ્રદેશ નેતૃત્વ દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ મયંકકુમાર દેસાઈ (લાલાભાઇ) ને આ અંગેનો અધિકાર પત્ર પાઠવવામાં આવ્યો છે. ત્યારે પક્ષના આદેશ અનુસાર કાલોલ તાલુકા પંચાયતમાં ભાજપના નિશાન પર ચૂંટાયેલા સભ્યો પૈકી નીચે મુજબના નામોને નિયુક્ત કરવા મેન્ડેટ આપવામાં આવ્યો છે જેમાં પ્રમુખ તરીકે જયપાલસિંહ દિલીપસિંહ રાઠોડ સાથે ઉપપ્રમુખ તરીકે સંજયભાઈ બકાભાઈ રાઠોડ અને કારોબારી ચેરમેન તરીકે યજુવેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ જાદવ,પક્ષના નેતા તરીકે ચેતનાબેન શિશુનાથસિંહ ઠાકોર અને દંડક તરીકે અમરતબેન અજયસિંહ ચૌહાણ ને પક્ષ દ્વારા જિલ્લા સંગઠનને આ મેન્ડેટ મુજબ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા અધિકૃત કરવામાં આવ્યા છે.

મેન્ડેટ જાહેર થતાની સાથે જ કાલોલ ભાજપના કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો જ્યાં નવનિયુક્ત હોદ્દેદારોને પક્ષના આગેવાનો અને કાર્યકરોએ શુભેચ્છા પાઠવી હતી ત્યારે આવતી કાલે કાલોલ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં આ હોદ્દેદારોની સત્તાવાર વરણી કરવામાં આવશે.

### સિંગવડ તાલુકા ખાતે આજે નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી

(પ્રતિનિધિ) સિંગવડ, તા.24

સિંગવડ તાલુકા ખાતે ભારતીય જનતા પાર્ટીના 15 સભ્યો જીત્યા જ્યારે આમ આદમી પાર્ટીના 3 સભ્યો જીત્યા ત્યારે આજે સોમવારે 25 5 2026 ના રોજ બપોરે 12 કલાકે નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવશે જેમાં સંભવિત ચાર મહિલા ઉમેદવારોના નામોની ચર્ચા ચાલી રહી છે તેમાંથી પ્રમુખ નો તાજ કોના શિરે બેસે તે અંગે એક ચર્ચાનો વિષય ચાલી રહ્યો છે જ્યારે આવતી કાલે બપોરે બાર વાગ્યાના સુમારે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવવાની હોય ત્યારે જ ખબર પડશે કે પ્રમુખ કોણ બનશે અને ઉપપ્રમુખ કોણ બનશે જ્યારે સિંગવડ ખાતે ભારતીય જનતા પાર્ટી સતત સત્તા પર બેસશે અને નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થશે.

#### વાહનચાલકોને થતી પરેશાની, કોંગ્રેસ કાર્યકર્તાઓ રોષ વ્યક્ત કર્યો

## પાવીજેતપુર વનકુટિર ત્રણ રસ્તાથી રંગલી ચોકડી સુધી ચાલતુ રોડનુ કામ કાચબાગતિએ

નજીકમાં હવે ચોમાસુ બેસસે ત્યારે કામ સત્વરે પૂર્ણ કરવા માંગ કરાઇ



(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.24

પાવીજેતપુર વનકુટિર ત્રણ રસ્તાથી રંગલી ચોકડી સુધી ચાલી રહેલા નવા રોડના કામને લઈને કોંગ્રેસ કાર્યકર્તાઓએ ગંભીર આક્ષેપો કર્યા. કોંગ્રેસ કાર્યકર્તાઓના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા સમયથી રોડની કામગીરી અત્યંત મંદ ગતિએ ચાલી રહી છે, જેના કારણે રોજિંદા પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ધૂળ, ખાડાઓ અને અવરજવર દરમિયાન સર્જાતી મુશ્કેલીઓથી લોકો પરેશાન બન્યા છે. હવે ચોમાસું નજીક આવી રહ્યું હોવાથી કોન્ટ્રાક્ટર દ્વારા ઝડપથી કામ પૂર્ણ કરવા માટે ઉતાવળ કરવામાં આવી રહી હોવાનું અને તેમાં હલકી કક્ષાનો મટેરિયલ વાપરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ કોંગ્રેસ કાર્યકર્તાઓએ કર્યા છે. તેઓએ રોડની ગુણવત્તા અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા કોંગ્રેસ આગેવાનોનું કહેવું છે કે જો યોગ્ય ગુણવત્તા સાથે કામગીરી નહીં કરવામાં આવે તો વરસાદી મોસમમાં રોડ ટૂંકા સમયમાં જ ખરાબ થઈ જશે અને સરકારી નાણાંનો વ્યય થશે. સ્થાનિક લોકોએ તંત્ર દ્વારા કામગીરીની તાત્કાલિક તપાસ કરવામાં આવે તેમજ ગુણવત્તાયુક્ત રોડ બનાવવામાં આવે તેવી માંગ ઉઠાવી છે.

#### સ્થાનિક રહીશો,રાહદારીઓ તથા વાહન ચાલકો અવર-જવરમાં ભારે મુશ્કેલી

## ફતેપુરામાં છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી ગટર લાઈનની કામગીરી મંથર ગતિએ



(પ્રતિનિધિ) સુખસર,તા.24

સ્થાનિકોના જણાવ્યા અનુસાર ફતેપુરા નગરમાં લોકોના ઘરની બિલકુલ આગળ ગટર લાઈન માટે મોટા ખાડા ખોદી દેવામાં આવ્યા છે. આ ખાડાઓમાં લોખંડના સળિયા ખુલ્લા મૂકી દેવામાં આવ્યા છે.જે રાત્રિના સમયે કે નાના બાળકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે.આ કારણે અવર-જવર કરવી પણ મુશ્કેલ બની ગઈ છે.

જ્યારે સ્થાનિકો આ અંગે રજૂઆત કરવા ગ્રામ પંચાયતના સરપંચ પાસે પહોંચ્યા હતા ત્યારે સરપંચે પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા હોવાનો આક્ષેપ રહીશો લગાવી રહ્યા છે. અને સરપંચે જણાવ્યું કે આ ગટરનું કામ તેમના કાર્યક્ષેત્રમાં આવતું નથી અને તે R|B (માર્ગ અને મકાન વિભાગ) હસ્તક આવે છે.આ અંગે ટેલિફોનિક વાતચીતમાં સરપંચ પ્રવીણ ભાઈએ જણાવ્યું હતું કે,તેમણે કોન્ટ્રાક્ટરને કામ શરૂ કરવા માટે કહ્યું છે અને આવતીકાલથી કામ ચાલુ થઈ જશે. જોકે, કોન્ટ્રાક્ટર વિવિધ બહાના કાઢી રહ્યો છે. માર્ગ અને મકાન વિભાગના મયંક સંગાડાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે,મજૂરોની કમી છે અને ડીઝલ પણ મળતું નથી. તેમણે ઉમેર્યું કે ગયા અઠવાડિયે લગભગ કામ ચાલુ કરાયું હતું અને 20-25 મીટર જેટલું કામ પૂર્ણ થયું છે. મજૂરો મળી જાય તો કામ ફરી શરૂ થઈ જશે. સ્થાનિકોની માંગ છે કે ચોમાસું નજીક આવી રહ્યું હોવાથી આ અધૂરી ગટર લાઈનનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે. જો કામ ઝડપથી પૂરું નહીં થાય તો આગામી દિવસોમાં અહીં રોગચાળો અને મોટા અકસ્માતો સર્જાવાની પૂરેપૂરી સંભાવના છે.

### પાદરા તાલુકાના મહુવડ ગામે મહિલાની છેડતી

(પ્રતિનિધિ) પાદરા, તા.24

પાદરા તાલુકાના મહુવડ ગામે મહિલાની છેડતીનો બનાવ સામે આવતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતિ અનુસાર બપોરે ૧ વાગ્યાના સમયે મહુવડ બસ સ્ટેન્ડ નજીક રહેતી મહિલાના ઘરના આંગણામાં પતરાના શેડ નીચે સૂતી હાલતમાં એક શખ્સ ઘૂસી આવ્યો હતો. આરોપી તરીકે ઓળખાયેલા ખેંગારસિંહ મહેન્દ્રસિંહ પરમારે (કે. એમ.પરમાર તરીકે ઓળખાતો) મહિલાના ખાટલા પર બેસી તેની સાથે અડપલા કરી હાથ પકડી કમરના ભાગે સ્પર્શ કરી છેડતી કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. મહિલાએ વિરોધ કરતા આરોપી ત્યાંથી નીકળી ગયો હતો. બનાવ અંગે પીડિત મહિલાની ફરિયાદના આધારે વડુ પોલીસ સ્ટેશનમાં આરોપી ખેંગારસિંહ મહેન્દ્રસિંહ પરમાર, રહે. મુજપુર ડાંગાટેકરા, તા. પાદરા ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

#### કાલોલ હાઇવે પર હિટ એન્ડ રનનો બનાવ

## મોટરસાયકલની ટક્કરે ૮ વર્ષની બાળકી ઈજાગ્રસ્ત, ચાલક ફરાર

(પ્રતિનિધિ) કાલોલ, તા.24

પંચમહાલ જિલ્લાના કાલોલ-ગોધરા હાઈવે રોડ પર એસ.બી.આઇ. બેંકની સામે ગઈકાલે બપોરે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક મોટરસાયકલના ચાલકે રોડ ક્રોસ કરી રહેલી ૮ વર્ષની માસૂમ બાળકીને અડફેટે લેતા બાળકીને શરીરે તેમજ થાપાના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જી મોટરસાયકલ ચાલક પોતાની ગાડી લઈને ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. ફરીયાદની વિગત જોતા મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના વતની અને હાલ કાલોલ ગોધરા હાઈવે પર ‘રામદેવ રેસ્ટોરન્ટ’ ચલાવતા પોકરરામ માણકરામ પરમારે કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, ૨૩ મે ૨૦૨૬ના રોજ બપોરે આશરે ચાર વાગ્યાના અરસામાં તેમની હોટલ પર કામ કરતા તેમના કાકાનો દીકરો ગોપાલ તથા અંબારામ, ફરિયાદીની બે દીકરીઓ (સરોજ અને નિકીતા) તથા દીકરા વિરેન્દ્રને સાથે લઈને હોટલ પરથી જમીને ચાલતા ચાલતા ઘરે જઈ રહ્યા હતા.આ દરમિયાન એસ.બી.આઇ. બેંકની સામે જ્યારે તેઓ રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે ગોધરા તરફથી આવી રહેલી એક મોટરસાયકલ (રજીસ્ટ્રેશન નંબરઃ MP-45-MS-7135) ના ચાલકે પોતાની બાઈક બેફામ ગતિએ હંકારી લાવી ૮ વર્ષની બાળકી નિકીતાને જોરદાર ટક્કર મારી હતી.

## વિકાસના નવા અધ્યાયનો પ્રારંભ : વિવિધ પંચાયતોમાં પ્રમુખ, ઉપપ્રમુખોની વરણી

### સાવલી તાલુકા પંચાયતના સદસ્યોની બેઠકમાં પાર્ટીના મેન્ડેટને સર્વ સંમતિથી વધાવી લેવાયો



**સાવલી :** સાવલી તાલુકા પંચાયત ની ચૂંટણી માં ભાજપે પ્રચંડ બહુમતીથી જીત મેળવી છે કુલ 22 બેઠકો માંથી 19 બેઠકો ભાજપે મેળવી છે જ્યારે બે બેઠકો કોંગ્રેસ અને એક બેઠક અપક્ષ ને ફાળે ગઈ છે તેવામાં 25 મી મે ના રોજ તાલુકા પંચાયત ની સામન્ય સભાની તેમજ તે દિવસે પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન સહિત ના પદ માટે ની વરણી કરવામાં આવનાર છે તેના સંદર્ભે સાવલી બઝાર સમિતિ ખાતે યોજાયેલી ભાજપના ચૂંટાયેલા સભ્યોની મહત્વપૂર્ણ બેઠકમાં પ્રમુખ પદ માટે રવિન્દ્રસિંહ વાઘેલા અને ઉપપ્રમુખ પદ માટે યશવંત ભાલીયાના અને કારોબારી ચેરમેન તરીકે બ્રિજેશ પટેલ ના નામ પર સર્વસંમતિથી મંજૂરીની મુહર મારવામાં આવી હતી. બેઠક દરમિયાન ભાજપના તમામ જીતેલા સભ્યો હાજર રહ્યા હતા અને ભાજપના નિરીક્ષક દ્વારા સત્તાવાર મેન્ડેટ આપવામાં આવ્યું હતું. સાથે સાથે કારોબારી ચેરમેન તરીકે બ્રિજેશ પટેલ અને પક્ષના નેતા તરીકે તીરથસિંહ ચૌહાણ અને દંડક તરીકે હિરલબેન મકવાણા ના નામો પર જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા મહોર મારીને મેન્ડેટ આપવામાં આવ્યું છે

### કરજણ તાલુકા પંચાયતમાં નવા પ્રમુખ-ઉપપ્રમુખની વરણી થતાં અભિનંદન પાઠવાયા



**કરજણ :** કરજણ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે રોશનીબેન રાણાની વરણી કરવામાં આવી છે. રોશનીબેન રાણાના નેતૃત્વ હેઠળ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં વિકાસના કાર્યોને વેગ મળશે તેવી અપેક્ષા છે. ઉપપ્રમુખ તરીકે ભૂમિકાબેન પટેલની પસંદગી કરવામાં આવી છે, જેઓ પ્રમુખ સાથે ખભેખભા મિલાવીને કામ કરશે અને તાલુકાના સર્વાંગી વિકાસમાં યોગદાન આપશે. આ ઉપરાંત, કારોબારી ચેરમેન તરીકે ચિરાગ પટેલની નિમણૂક કરવામાં આવી છે. કારોબારી ચેરમેન તરીકે તેમની ભૂમિકા નીતિવિષયક નિર્ણયો અને તેના અમલીકરણમાં અત્યંત મહત્ત્વપૂર્ણ રહેશે. શાસક પક્ષના નેતા તરીકે સંગ્રામસિંહ પરિહારની પસંદગી કરવામાં આવી છે, જેઓ પક્ષના સિદ્ધાંતો અને કાર્યક્રમોને તાલુકા પંચાયતમાં અસરકારક રીતે રજૂ કરશે. દંડક તરીકે ભાવિન પટેલની નિમણૂક કરવામાં આવી છે, જેઓ પક્ષના સભ્યોમાં શિસ્ત જાળવવામાં અને પક્ષની નીતિઓનું પાલન કરાવવામાં મદદરૂપ થશે.

### ડભોઇ તાલુકા પંચાયતમાં પ્રમુખ- ઉપપ્રમુખની વરણી કરાતા સૌ સભ્યો ખુશી વ્યક્ત કરી



**ડભોઈ :** ડભોઈ તાલુકા પંચાયત માં ભાજપ ને પૂર્ણ બહુમતી મળી છે અને તાલુકા પંચાયત માં ભાજપ ૧૭ અને કોગ્રેસને ત્રણ બેઠકો મળી છે ડભોઈ તાલુકા પંચાયતમાં પ્રમુખની બેઠક રોસ્ટર પધ્ધતિ પ્રમાણે ઓ.બી.સી મહીલાની છે જેમાં ચનવાડા બેઠક ના ભીખીબેન રબારી ને પ્રમુખ તરીકે અને ઉપ પ્રમુખ તરીકે ભાસ્કર પટેલ , કારોબારી ચેરમેન તરીકે મનોજ પટેલ , શાસક પક્ષ ના નેતા તરીકે શ્રીમતી શોભના બેન પટેલ ,અને દંડક તરીકે કૃણાલ પટેલની વરણી કરાઈ છે ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવેલ છે આ પ્રસંગે ધારાસભ્ય શૈલેષ મહેતા, જિલ્લા પ્રમુખ ડો. બી. જે. બ્રહ્મભટ્ટ, તાલુકાના હોદ્દેદારો અલ્પેશ શાહ , દતુસિહ સોલંકી , થુવાવી જિલ્લા પંચાયતના સભ્ય ભાવેશ પટેલ, સિમળીયા બેઠક ના હર્ષીલ પટેલ, પૂર્વ કારોબારી ચેરમેન રાકેશ અંબાલીયા, સહિત મોટી સંખ્યામાં સર્મથકો હાજર રહ્યા હતા તાલુકામાં ભાજપનો કેશરીયો હવે વિકાસની ગતિ પકડશે તેવી નાગરિકોએ આશા વ્યક્ત કરી છે.